RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 130 Date: 01.03.2024 Friday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# મધ્યપ્રદેશમાં વાહન કાબૂ બહાર જતાં પલટી જતાં ૧૪ લોકોનાં મોત



ભોપાલ,તા.૨૯

મધ્યપ્રદેશના ડિંડોરીમાં એક મોટો રોડ અકસ્માત થયો છે. ડિંડોરીના બરઝાર ઘાટ પર પીકઅપ વાહન કાબૂ બહાર જતાં પલટી જતાં ૧૪ લોકોનાં મોત થયાં અને લગભગ બે ડઝન જેટલા લોકો ઘાયલ થયાં હતા. ઘાયલોને શાહપુરા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર આપવામાં આવી રહી છે. બ્રેક ફેલ થવાના કારણે આ અકસ્માત થયો હોવાનું મનાય છે. મુખ્ય પ્રધાન ડૉ. મોહન યાદવે ડિંડોરી જિલ્લામાં એક વાહન અકસ્માતમાં અનેક અમૂલ્ય જીવોના અકાળે મૃત્યુ પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે.

મળતી માહિતી મુજબ, આ દુઃખદ અકસ્માત ડિંડોરીના બડઝર ગામ પાસે થયો હતો. પીકઅપ વાહન કાબૂ બહાર જઈને પલટી મારી ગયું હતું. કલેક્ટર વિકાસ મિશ્રાએ ૧૪ લોકોના મોતની પુષ્ટિ કરી છે. આ અકસ્માતમાં બે ડઝન લોકો ઘાયલ થયા છે. એકની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. અકસ્માતનું કારણ બ્રેક ફેલ હોવાનું કહેવાય છે. સ્થાનિક લોકોની મદદથી ઘાયલોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. ચોક કાર્યક્રમમાં હાજરી આપીને પરત ફરતી વખતે આ અકસ્માત થયો હતો. મૃતકો દેવરી ગામના હોવાનું કહેવાય છે.

આ સાથે મધ્યપ્રદેશ સરકારે ડિંડોરી રોડ અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના પરિવારજનોને વળતર આપવાની જાહેરાત કરી છે. આ ઘટનામાં ઘાયલ થયેલા લોકોના પરિવારજનોને ૪ લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે. ઘાયલોને યોગ્ય સારવાર માટે સૂચના આપવામાં આવી છે.

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડો. મોહન યાદવે ભગવાનને પ્રાર્થના કરી છે કે તેઓ દિવંગત આત્માઓને શાંતિ આપે અને તેમના પરિવારજનોને આ વીજળી સહન કરવાની શક્તિ આપે. મુખ્યમંત્રીએ કહ્યું કે આ ઘટનામાં ઘાયલ થયેલા લોકોના પરિવારજનોને ૪ લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે. ઘાયલોની યોગ્ય સારવાર માટે જિલ્લા વહીવટી તંત્રને સૂચના આપવામાં આવી છે. મુખ્યમંત્રીની સૂચનાથી કેબિનેટ મંત્રી સંપતિયા ઉઇકે ડિંડોરી પહોંચી ગયા હતાં

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ઝારખંડ ટ્રેન દુર્ઘટના મામલે દુઃખ વ્યક્ત કર્યું હતું, તેમણે ઝારખંડમાં બનેલી મોટી દુર્ઘટના અંગે સંવેદના વ્યક્ત કરતા કહ્યું હતું કે ઝારખંડના જામતારામાં જે ટ્રેન દુર્ઘટના સર્જાઈ તે અત્યંત હૃદયદ્રાવક છે. અનેક લોકોના મોતના સમાચાર અત્યંત દુઃખદ છે. મૃતકોના પરિવારો પ્રત્યે અમારી ઊંડી સંવેદના છે અને અમે ઘાયલોની ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરીએ છીએ. રેલ્વે અને સરકારી વહીવટીતંત્રે તાત્કાલિક રાહત કાર્ય કરવું જોઈએ અને કોંગ્રેસના કાર્યકરોએ શક્ય તમામ મદદ કરવી જોઈએ. રેલ્વે મંત્રાલયે આ દુઃખદ અકસ્માતની જવાબદારી લેવી જોઈએ અને નિષ્પક્ષ તપાસ હાથ ધરવી જોઈએ જેથી સુરક્ષામાં ભૂલ કરનારાઓની જવાબદારી નિશ્ચિત થઈ શકે.

બીજી તરફ એમપી કોંગ્રેસ પ્રમુખ જીતુ પટવારીએ ડિંડોરી અકસ્માત પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું છે કે ડિંડોરીમાં પીકઅપ વાહન પલટી જવાથી ૧૪ લોકોના મોતના દુઃખદ સમાચાર મળ્યા છે. આ અકસ્માતમાં ૨૧ લોકો ઘાયલ પણ થયા છે. હું મૃતકોની આત્માની શાંતિ અને ઘાયલોની ઝડપથી સ્વસ્થતા માટે ભગવાનને પ્રાર્થના કરું છું.

## ટૂથપેસ્ટ, હેર ઓઈલ, ડિટર્જન્ટ, શેમ્પૂ, હેલ્થ ફૂડ ડ્રિંક, ચાના ભાવ વધી ગયા

નવીદિલ્હી,તા.૨૯

ભારતમાં મોંઘવારી અને ભાવવધારો એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે. કાચી સામગ્રી મોંઘી થવાના કારણે ફાસ્ટ મુવિંગ કન્ઝ્યુમર ગુડ્સ કંપનીઓ તેમની ચીજવસ્તુઓના ભાવ સતત વધારતા હોય છે. તાજેતરમાં પણ એફએમસીજી સેક્ટરની કંપનીઓએ તેમની પ્રોડક્ટના ભાવમાં ૧૦ ટકા સુધી વધારો કર્યો છે. આ વધારે સાબુ, શેમ્પૂ, તેલ, ટૂથપેસ્ટ જેવી કેટેગરીમાં જોવા મળ્યો છે.આગામી દિવસોમાં પણ નવા નાણાકીય વર્ષથી પ્રોડ્કટના ભાવમાં ફેરફાર થવાની શક્યતા છે.

એમ્કે ગ્લોબલના એક અહેવાલ પ્રમાણે સાબુ, ખાદ્યતેલ અને બિસ્કિટએ માત્ર એવી ત્રણ કેટેગરી છે જેમાં ભાવ વધવાના બદલે ઘટ્યા હતા. ત્યાર પછી વધારાનો ટ્રેન્ડ છે. એફએમસીજી કંપનીઓ ઘણા સમયથી ભાવવધારો કરવાની યોગ્ય તક શોધતી હતી અને તે તક તેમને મળી ગઈ છે. બજારમાં ડિમાન્ડ નબળી છે ત્યારે પોતાની નફાકારકતા સુધારવા માટે એફએમસીજી કંપનીઓએ ભાવમાં વધારો કરવાની જરૂર પડી હતી. ચોથા ક્વાર્ટરમાં તમામ કેટેગરીમાં સરેરાશ ૧૦ ટકા ભાવવધારો થઈ ગયો છે. માત્ર સાબુ, ખાદ્ય તેલ જ એવી પ્રોડ્ક્ટ છે જેના ભાવ નહોતા વધ્યા.

ભારતની સૌથી મોટી કન્ઝ્યુમર ગુડ્સ ઉત્પાદક કંપની હિન્દુસ્તાન યુનિલિવરે ડિટર્જન્ટ બ્રાન્ડ્સ-રિન અને સર્ફ એક્સેલ ક્વિક વોશના ભાવમાં ૩થી ચાર ટકાનો વધારો કર્યો છે. તેના વિતરકોએ નામ ન આપવાની શરતે આ વાતની પુષ્ટિ કરી હતી. તેમણે જણાવ્યું કે પ્રોક્ટર એન્ડ ગેમ્બલે પણ તેના ૭૦૦ ગ્રામ અને ૧.૫ કિગ્રા એરિયલ ડિટર્જન્ટ પેકના ભાવમાં અનુક્રમે ૪% અને ૨.૫% સુધીનો વધારો કર્યો છે.

ટૂથપેસ્ટ, હેર ઓઈલ, ડિટર્જન્ટ, શેમ્પૂ, હેલ્થ ફૂડ ડ્રિંક, ચા અને કોફીમાં કંપનીઓએ સતત ધીમે ધીમે વધારો કર્યો છે. ટૂથપેસ્ટની વાત કરવામાં આવે તો હિંદુસ્તાન યુનિલિવરે પેપ્સોડન્ટના ભાવમાં બેથી ૧૦ ટકાનો વધારો કર્યો છે. કોલગેટ પામોલિવની ટૂથપેસ્ટમાં ૧૦ ટકા ભાવવધારો થયો છે. આ ઉપરાંત કોલગેટે વિઝિબલ વ્હાઈટ લાઈનનો ભાવ ૧૫ ટકા વધારી દીધો છે.

મિલ્કના ભાવમાં મોટો ફેરફાર થયો નથી તેથી એચયુએલે બૂસ્ટના ભાવમાં માત્ર એક ટકાનો અને હોર્લિક્સ ચોકલેટ ડિલાઈટના ભાવમાં ૪ ટકાનો વધારો કર્યો છે.

## ધોરણ ૧૦-૧૨ના પરીક્ષાર્થીઓ માટે મહત્ત્વના સમાચાર, આજથી પરીક્ષાની હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકાશે




બોર્ડની પરીક્ષાની તૈયારી કરતા પરીક્ષાર્થીઓ માટે મહત્ત્વના સમાચાર આવી રહ્યા છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વાર લેવાનાર બોર્ડની પરીક્ષાની હોલ ટિકિટ આજથી ડાઉનલોડ કરી શકાશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા બોર્ડની પરીક્ષા માર્ચમાં લેવાનાર છે. ત્યારે આજથી બોર્ડના પરીક્ષાર્થીઓ બોર્ડની સત્તાવાર વેબસાઈટ ુ.પ્ સજીહ્વ.પ્નિ પરથી પોતાની હોલ ટિકિટ ડાઉનલોડ કરી શક્શે. ઉલ્લેખનીય છે કે ધોરણ ૧૦ની પરીક્ષાનો સમય સવારનો રહેશે જ્યારે ધોરણ ૧૨ની પરીક્ષાનો સમય બપોરનો રહેશે. આ ઉપરાંત ધોરણ-૧૨ પછી લેવાથી ગુજકેટની પરીક્ષા ૨ એપ્રિલે લેવામાં આવશે.ગુજરાત બોર્ડની પરીક્ષાને હવે વેઢે ગણાય તેટલા દિવસો બાકી છે ત્યારે તંત્રએ પણ પરીક્ષાને લઈને તૈયારી કરી લીધી છે. નોંધનીય છે કે આ વર્ષે બોર્ડની પરીક્ષા નવી શિક્ષણ નીતિ મુજબ લેવામાં આવશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦-૧૨ની બોર્ડની પરીક્ષા ૧૧મી માર્ચથી ૨૬મી માર્ચ દરમિયાન લેવાશે.

## ફ્રાન્સનો સૌથી શક્તિશાળી, અફઘાનિસ્તાનનો સૌથી નબળો પાસપોર્ટ

દુનિયામાં કોઈપણ દેશમાં જવા માટે સૌથી પહેલાં વીઝાની જરૂર પડતી હોય છે. આ વીઝા માટે પાસપોર્ટની ખાસ જરૂર પડે છે. આ પાસપોર્ટ ખરેખર કેટલો શક્તિશાળી છે તેના વિશે ક્યારેય વિચાર્યું છે. દુનિયાના કયા દેશોનો પાસપોર્ટ સૌથી શક્તિશાળી છે જ્યારે દુનિયાના કયા દેશોનો પાસપોર્ટ સૌથી નબળો છે તેની ખરેખર કેટલાને જાણ છે. હેનલી એન્ડ પાર્ટનર્સ દ્વારા તાજેતરમાં ૨૦૨૪નો પાસપોર્ટ ઈન્ડેક્સ જારી કરવામાં આવ્યો છે. આ ઈન્ડેક્સમાં દુનિયાના સૌથી શક્તિશાળી અને સૌથી નબળા એવા ૧૦૪ દેશોની યાદી જાહેર કરવામાં આવી છે. આ યાદી તૈયાર કરનારા જાણકારો જણાવે છે કે, ૨૦૦૬ની સાલ સુધી વિશ્વની સ્થિતિ એવી હતી કે, ગણતરીના દેશોના પાસપોર્ટ ઉપર ૫૮ દેશોમાં વીઝા ફ્રી ફરી શકાતું હતું. તે વધીને સમયાંતરે ૧૧૧ સુધી પહોંચ્યું. હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. તાજેતરમાં જારી થયેલા પાસપોર્ટ ઈન્ડેક્સમાં આ આંકડો




૧૯૪ દેશ સુધી પહોંચી ગયો છે. જાણકારોના મતે જાપાન અને સિંગાપુર તો આ યાદીમાં છેલ્લાં પાંચ વર્ષથી મોખરે હતા જ પણ હવે યુરોપના દેશોને પણ મોખરાનું સ્થાન મળ્યું છે. ફ્રાન્સ આ વર્ષની યાદીમાં ૧૯૪ દેશોમાં વીઝા ફ્રી એન્ટ્રી મુદ્દે ટોચના સ્થાને છે. ફ્રાન્સ બાદ જર્મની, ઈટાલી અને સ્પેનને પણ ટોચનું જ સ્થાન મળેલું છે. ત્યારબાદ જાપાન અને સિંગાપુર પણ ટોચના સ્થાને રહ્યા છે. આ તમામ દેશોના પાસપોર્ટ ધરાવનારા લોકોને ૧૯૪ દેશોમાં વીઝા ફ્રી એન્ટ્રી મળે છે. આ મુદ્દે તેઓ દુનિયાના સૌથી શક્તિશાળી પાસપોર્ટ ધરાવતા દેશો છે. બીજી તરફ એવા પણ દેશો છે જે યુદ્ધ, ગૃહયુદ્ધ, આતંકવાદ અને આર્થિક પડતી જેવા મુદ્દે પીડાઈ રહ્યા છે. આવા દેશોના પાસપોર્ટને દુનિયાના સૌથી નબળા પાસપોર્ટ ધરાવતા દેશો જાહેર કરાયા છે. દુનિયાના સૌથી નબળા પાસપોર્ટ ધરાવતા દેશોની યાદીમાં અફઘાનિસ્તાન મોખરે છે. અફઘાનિસ્તાનના પાસપોર્ટ ઉપર માત્ર ૨૮ દેશોમાં વીઝા ફ્રી એન્ટ્રી મળે છે. તેની જેમ જ સિરિયા, ઈરાક, પાકિસ્તાન અને યેમેનની સ્થિતિ છે. આ બધા દેશો સૌથી નબળા પાસપોર્ટ ધરાવતા ટોચના પાંચ દેશો છે. પાસપોર્ટ અને વીઝા ફ્રી એન્ટ્રી મુદ્દે કોરોના મહામારી પહેલાં દેશો થોડા વધારે જ કડક અને નિયમોમાં માનનારા હતા. કોરોના મહામારી બાદ વૈશ્વિક સ્તરે ટ્રાવેલિંગની સ્થિતિ બદલાઈ અને ટૂરિઝમ સેક્ટરને ખૂબ જ મોટો ફટકો પડયા બાદ દેશો દ્વારા નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. કોરોના ફેલાવા અંગે હંમેશા શંકાના દાયરામાં રહેલા ચીન દ્વારા જ યુરોપના કેટલાક મોટો દેશો સહિત ૫૦થી વધુ દેશોને વીઝા ફ્રી એન્ટ્રી આપવાની પહેલ કરવામાં આવી હતી. કોરોના મહામારી બાદ ચીન દ્વારા લેવાયેલા આ પગલાંનું દુનિયાના ઘણા દેશો દ્વારા અનુસરણ કરવામાં આવ્યું હતું. ટૂરિઝમ સેક્ટરને કોરોના મહામારી પછી ધબકતું રાખવા માટે યુરોપના દેશો દ્વારા વીઝા ફ્રી એન્ટ્રીનું ચલણ વધારવામાં આવ્યું હતું.

## કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા યુવાનોમાં નૈતિક, ભાવનાત્મક અને આધ્યાત્મિક વિકાસ માટેની તાલીમ અપાઈ



કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન વિવિધ ૨૦ કોલેજના ૭૫ વિધાર્થીઓને માનસિક, શારીરિક ઉપરાંત નૈતિક, ભાવનાત્મક અને આધ્યાત્મિક વિકાસ માટે તા:૨૩ થી ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ દરમિયાન સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે ૮૬મી સર્વ નેતૃત્વ શિબિર યોજાઈ. જાણીતા કોર્પોરેટ મેનેજમેન્ટ ટ્રેનર સુરેશ પટેલ દ્વારા યુવાનોને પોતાની ક્ષમતાને ઓળખી તેનો સાચો અને સારો ઉપયોગ સમાજ અને રાષ્ટ્રના હિત માટે કેવી રીતે કરી શકાય તેનું જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ગેસ્ટ સ્પીકર તરીકે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ ઉપર કામ કરતા શ્રી પ્રણવ દેસાઈએ પર્યાવરણની સુરક્ષા માટે આપણે કેટલા જવાબદાર છીએ અને તે માટે આપણે શું શું કરવું જોઈએ, એ અંગે બહુ જ રસપ્રદ શૈલીમાં વાત કરી હતી. જ્યારે નવમા ધોરણમાં ભણતી આર્યા ચાવડાએ સસ્ટેનેબલ લિવિંગ: કેરીગ ફોર ક્લાઈમેટ પર વાત કરી હતી. રોનકભાઈ કડિયાએ સ્વાસ્થ્ય અંગેની જરૂરી માહિતી સાથે અંગદાનનું મહત્વ સમજાવી યુવાનોમાં જાગૃતા લાવવાનો પ્રયાસ કરાયો હતો. જ્યારે તૃષ્ણા પ્રજાપતિએ આદિવાસી વિસ્તારના ગામડાના બાળકો માટે તેમના દ્વારા કરવામાં આવતી શિક્ષણ, સંસ્કાર અને સેવાકીય પ્રવૃતિઓની વાત રજૂ કરી યુવાનોને પ્રેરણા પુરી પાડી હતી. કાર્યક્રમના છેલ્લા દિવસે તમામ તાલીમાર્થીઓને સેક્ટર-૩૦, ગાંધીનગર સ્થિત સ્મશાનની અને ડમ્પીગ સાઇડ ની મુલાકાત કરાવી તેમના દ્વારા કરવામાં આવતી વિવિધ લોકકલ્યાણની પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી અપાઈ હતી.



ગુજરાત કોમર્સ કોલેજના એનએસએસ યુનિટ દ્વારા રેડક્રોસના સહયોગમાં રક્તદાન શિબિરનું આયોજન પ્રોગ્રામ ઓફિસર ડૉ. આર.કે. ચોવટિયાના માર્ગદર્શન હેઠળ કોલેજ કેમ્પસમાં કરવામાં આવ્યું હતું જેમાં કોલેજના તમામ વિદ્યાર્થીઓ તથા સ્પીપા સેન્ટરના વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો અને ૩૮ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.

**તંત્રી લેખ......**

# થાઈલેન્ડના આરોપથી ભડક્યું ભારત

વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (ઉ્)માં થાઈલેન્ડના રાજદૂત પિમચાનોક વોન્કોર્પોન પીટફિલ્ડની ટિપ્પણીથી ભારત ભારે ગુસ્સે થયું હતું. જેના પછી આ મંચ પર જ ભારતે થાઈલેન્ડનો બહિષ્કાર કરી દીધો અને ઉ્માં તેની સાથે કોઈપણ પ્રકારની ચર્ચા કરવાનો ઈન્કાર કર્યો. ખરેખર થાઈ રાજદૂતે આરોપ લગાવ્યો હતો કે ભારત નિકાસ બજાર પર પ્રભુત્વ મેળવવા માટે જાહેર વિતરણ વ્યવસ્થા માટે ખરીદેલા 'સબસિડીવાળા' ચોખાનો ઉપયોગ કરી રહ્યો છે. તેમની આ ટિપ્પણીથી કૂટનીતિક વિવાદ સર્જાયો હતો. ભારતે તેનો સખત વિરોધ વ્યક્ત કર્યો હતો અને ભારતીય મંત્રણાકારોએ જ્યાં થાઈલેન્ડના પ્રતિનિધિ હાજર હતા એ જૂથોની ચર્ચામાં ભાગ લેવાનો ઈન્કાર કરી દીધો હતો.

થાઈલેન્ડના રાજદૂતે મંગળવારે એક સલાહ સૂચન માટે આયોજિત બેઠકમાં આ ટિપ્પણી કરી હતી, જેનું સમૃદ્ધ દેશોના કેટલાક પ્રતિનિધિઓએ સ્વાગત કર્યું હતું. તેનાથી અહીં ભારતીય પ્રતિનિધિમંડળ નારાજ થઈ ગયું. એવું માનવામાં આવે છે કે થાઈલેન્ડ હવે અમેરિકા, યુરોપિયન યુનિયન, કેનેડા અને ઓસ્ટ્રેલિયા સહિતના અન્ય દેશો સાથે ઊભું છે. આ દેશોએ એક દાયકા કરતાં વધુ સમયથી જાહેર સ્ટોક હોલ્ડિંગના કાયમી ઉકેલને બ્લોક કરી રાખ્યો છે. જ્યારે ભારત તેના ઉકેલ માટે સૌથી વધુ અવાજ ઉઠાવી રહ્યું છે.

# આદરણીય રાહુલ ગાંધીજીની "ભારત જોડો ન્યાય યાત્રા" ૭ માર્ચથી ચાર દિવસ સુધી ગુજરાતમાં રહેશે.



આદરણીય રાહુલ ગાંધીજીની "ભારત જોડો ન્યાય યાત્રા" ૭ માર્ચ, ૨૦૨૪, ગુરૂવારના રોજ બપોરે ૩-૦૦ કલાકે ઝાલોદ ખાતેથી ગુજરાતમાં પ્રવેશ કરશે અને ૮ માર્ચના રોજ સવારના દાહોદ બસ સ્ટેન્ડ પાસેથી પદયાત્રા શરૂ થશે. ચાર દિવસ સુધી ગુજરાતમાં "ભારત જોડો ન્યાય યાત્રા" રહેવાની છે, તેની તૈયારીની સમીક્ષારૂપે દાહોદ ખાતે કોંગ્રેસના કાર્યકર્તાઓ તથા નેતાઓની મીટીંગ મળી હતી. આ મીટીંગમાં ગુજરાતના પ્રભારીશ્રી મુકુલ વાસનિકજી, પ્રદેશ પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડા, પૂર્વ પ્રદેશ પ્રમુખશ્રી ભરતભાઈ સોલંકી, શ્રી જગદીશભાઈ ઠાકોર, વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમાર તથા પ્રદેશ અને જિલ્લાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. દાહોદના નેતાઓ, કાર્યકર્તાઓ અને લોકોમાં "ભારત જોડો ન્યાય યાત્રા"ને આવકારવા માટે એક અનેરો થનગનાટ અને ઉત્સાહ જોવા મળે છે. ગુજરાતના લોકોની અનેક સમસ્યાઓ છે. ખાસ કરીને આદિવાસી વિસ્તારના લોકો, ખેડૂતો, નાના વેપારીઓ, રોજગારી ઈચ્છતા યુવાનો, પૂરતો પગાર ઈચ્છતા ફીક્સ પગારના કર્મચારીઓ, જૂની પેન્શન યોજનાની માંગણી કરતા સરકારી કર્મચારીઓ, આઉટસોર્સ'ગ દ્વારા થતા શોષણને દૂર કરીને નિયમિત નોકરી ઈચ્છતા કર્મચારીઓ, ખેતમજૂરો અને પશુપાલકોની મુશ્કેલીઓને "ભારત જોડો ન્યાય યાત્રા" દરમ્યાન વાચા આપવામાં આવશે. ભયમુક્ત થઈ રહેલા ભાજપના ભ્રષ્ટાચારને કારણે નવા જ બનેલા બ્રીજ તૂટે છે, નકલી સરકારી કચેરીઓ દ્વારા લોકહિતના કરોડો રૂપિયાની ઉચાપતના કિસ્સાઓ સામે આવી રહ્યા છે, કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણ તૂટી પડી છે, સરકારી નોકરીઓના પેપરો સતત ફૂટે છે અને તેના મૂળ ક્યાંકને ક્યાંક ભાજપના નેતાઓમાં નીકળતા દેખાઈ રહ્યા છે. આ બધી જ સમસ્યાઓને આદરણીય રાહુલ ગાંધીજીની "ભારત જોડો ન્યાય યાત્રા"માં ઉજાગર કરીને લોકોની સમસ્યાઓ માટે અવાજ ઉઠાવવામાં આવશે.

## દાદા સાહેબ ફાળકે ચિત્રપટ યુનિયનમાં રાજકોટ ના ઘાચી સમાજ ના આગેવાન અને મુસ્લિમ અગ્રણી એવા શ્રી અફઝલભાઈ એ. મહેતર ની ગુજરાત ના કાર્યકારી પ્રમુખ તરીકે વરણી



દાદા સાહેબ ફાળકે ચિત્રપટ યુનિયન માં રાજકોટ ના ઘાચી સમાજ ના આગેવાન અને મુસ્લિમ અગ્રણી એવા શ્રી અફઝલભાઈ એ. મહેતર ની ગુજરાત ના કાર્યકારી પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે.શ્રી અફઝલભાઇ મહેતર સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે કાર્યરત છે અને સમાજ ઉપયોગી કાર્યો માટે તેઓ હમ્મેશા તત્પર રહેતા હોય છે.એજ રીતે તેઓ કલાકારો ના હિત માટે કાર્ય કરતું યુનિયન છે, અને સારું એવું પ્લેટફોર્મ પૂરું પાડવું તેમજ આ ઈન્ડસ્ટ્રી ના દરેક આર્ટીસ્ટો ને ઉપયોગી કાર્યો કરવા તેઓને મદદ માટે તૈયાર રહેવું જેવા કાર્યો પણ કરે છે અને પોતે આ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા હોય જે સમાજ ઉપયોગી સ્વભાવ અને નિસ્વાર્થ ભાવે કાર્ય કરવાની તેમની ભાવના અને તેમની ક્ષમતા ને ધ્યાન માં રાખી ને દાદા સાહેબ ફાળકે ચિત્રપટ યુનિયન ના ઓલ ઈન્ડિયા પ્રેસિડેન્ટ શ્રી અજિત મહામુલકર સાહેબ દ્વારા શ્રી અફઝલ ભાઇ એ. મહેતર ની ગુજરાત પ્રદેશ ના કાર્યકારી પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે,

જે બદલ તેમન પર દરેક ક્ષેત્ર ના આગેવાનો, અગ્રણીઓ, સામાજિક કાર્યકરો, સ્નેહીજનો મિત્ર સર્કલ દ્વારા શુભેચ્છા નો ધોધ વહી રયો છે

# પરચૂરણની પ્રચંડ તાકાત!!

તમે ઘણી વાર સાંભળ્યું હશે કે એક રૂપિયામાં શું આવે? જાણે કે રૂપિયાની જાદુઈ શક્તિ હણાઈ ન ગઇ હોય!! રાજા રજવાડાંમાં ગાડાના પૈડા જેવા રૂપિયાનો ઉલ્લેખ સાંભળ્યો હશે. રાણીછાપ રૂપિયાની આજે પણ તેના એક રૂપિયાના મૂલ્ય સામે અનેકગણી કિંમત આવે છે!!

પેલાંના સમયમાં મહેમાન આવે અને જાય ત્યારે નાના છોકરાને પાંચ પૈસાનો સિક્કો આપે તો જાણે કુબેરનો ખજાનો સાંપડ્યો હોય તેવો આનંદ આવતો. નાના છોકરા માટી કે પ્લાસ્ટિક કે ધાતુની પીગી બેંકમાં સિક્કા નોટ નાંખ્યા કરતાં જે સંકટ સમયે સાંકળનું કામ કરતા!!

આજે છોકરાને રૂપિયાનો સિક્કો આપો તો મોં મચકોડશે અને રૂપિયાનો સિક્કો પાછો આપશે!!

મંદિરની બહાર લાઇનમાં બેઠેલા અમીર ભિખારીઓ ભીખમાં અપસેટ પ્રાઇઝ એટલે કે તળિયાની ભીખ દસ રૂપિયાથી શરૂ કરે છે. સાબ ભૂખ્યો છું પિત્ઝા ખાવા સો રૂપિયા દેજો. ભગવાન તમને સુખી રાખશે!!!

એને કહેવાનું મન થાય કે રોજે રોજ પિત્ઝા હું પણ ખાતે નથી. ?આપણે નોટ પ્રેમી માણસો છીએ. તમે કદી ક્યાંય સાંભળ્યું કે એસીબીએ લાંચના છટકામાં લાંચ મની તરીકે પરચૂરણ કે ચિલ્લરનો ઉપયોગ કર્યો હોય. કામ વગરના કે બિનઉપયોગી માણસને ચિલ્લર તરીકે ગણીએ છીએ!!

નાની ખરીદી માટે પરચૂરણ શોધ્યું જડતું નથી બેકરી, કરિયાણા, મેડીકલ સ્ટોર કે મોલમાં ચિલ્લરને બદલે ચોકલેટ ધરાર આપે છે!!

તમે મંદિરમાં જઇ શ્રધ્ધાપૂર્વક દર્શન કરી એર રૂપિયાનો સિક્કો ગોલકમાં નાંખો. ચમત્કારા થઇ જાય. " વત્સ" એમ સ્વયં પ્રભુ કહે. " આજ્ઞા પ્રભો!" એમ કહીને અદબથી ઉભા રહો.

પ્રભુ ગોલકમાંથી તમારો રૂપિયો કાઢી તમને પરત કરે! પ્રભુ ઉવાચ વત્સ એક રૂપિયાની ખરીદ કિંમત માત્ર પંદર પૈસા છે. આટલા વળતરમાં તારે આલિયા ભટ જેવી પત્ની, અંબાણી જેવી કમાણી, એન્ટિલિયા જેવું અનિકેત, કુબેર જેવો ખજાનો,સ્વિસ બેંકમાં એકાઉન્ટ, યયાતિ જેવી યુવાની, ઉર્વશી-રંભા જેવી અપ્સરાનો સહવાસ મેળવવો મુશ્કેલ નહીં પણ નામુમકીન છે!!આ તારો રૂપિયોનોમંદિર બહાર બેઠેલો ભિખારી પણ હાથ ઝાલશે નહીં!!ફૂલવાળા, કરિયાણાવાળા, પાનના ગલ્લાવાળાઓને રોજ પરચૂરણની લેવડદેવડ કરવી પડે. એ લોકો પરચૂરણ પૂરું પાડનાર પાસેથી સો રૂપિયાની નોટ આપીને નેવું રૂપિયાનું ચિલ્લર લે. ચિલ્લર આપનારો રૂપિયા દસનું કમિશન લે. એ કમિશન નોટ સ્વરૂપે વસૂલે કે સિક્કા સ્વરૂપે તે તપાસનો વિષય છે!! ડિજિટલ ટ્રાન્જેકશનમાં કેશબેક એ ક્યારેય કેશ સ્વરૂપે હોતી નથી કે બેક-પરત મળતી નથી!!

ઘણીવાર કેટલાક પરગજુ સ્વભાવના સજજનો ચૂંટણી લડવાની ડિપોઝિટની રકમ ચલણી સિક્કા સ્વરૂપે કોથળામાં લઇ જઇને ચૂંટણી અધિકારીના ટેબલ પર પછાડે! બધા કર્મચારી પરચૂરણ ગણે અને પછી ઉમેદવારી ફોર્મ સ્વીકારે!!

આ પ્રકારના નમૂના બેંકના લાખ રૂપિયાના સિક્કા લઇ જાય અને બેંકના બચત ખાતામાં જમા કરાવે. તમે બેંકોમાં રૂપિયા ગણવાના કે નોટ અસલી છે કે નકલી છે તેની ચકાસણી કરવા માટે મશીન હોય છે, પણ પરચૂરણ કે ચિલ્લર ગણવાના મશીન જોવા મળે તો મને જાણ કરજો!!!

તાજેતરમાં ચીનમાં એક વ્યક્તિ એક ટ્રકમાં લગભગ ૯૦૦ કિલો સિકકા લઈને પહોંચ્યો અને તેને મ્સ્ઉ કાર મળી. આ કારની કિંમત લગભગ ૫૦ લાખ રૂપિયા હતી, પહેલા તો આ કાર વિશે શોરૂમના માલિકને તે વ્યક્તિ વિશે સાંભળીને આશ્ચર્ય થયું. વ્યક્તિએ કારના શોરૂમના માલિકને ચિલરથી ભરેલો ટ્રક બતાવ્યો, કાર શોરૂમ માલિક સ્તબ્ધ થઈ ગયો. આ ૯૦૦ કિલો ચિલર જોઈને આશ્ચર્યચકિત થઈને શોરૂમના માલિકે કહ્યું કે હવે તમે મને કહો કે આપણે આટલા બધાં ચિલર કેવી રીતે લઈ શકીએ? જ્યારે આ ચીની વ્યક્તિએ કારના શોરૂમના માલિકને આટલા ચિલર લાવવાનું કારણ કહ્યું, તો માલિક પણ ઉંડા વિચારમાં પડી ગયો. તે ચીની વ્યક્તિએ કહ્યું કે મને નાનપણથી જ કારોનો શોખ છે, મોટા થયા પછી મારો આ શોખ વધતો ગયો. મારી મોટી ઈચ્છા હતી કે એક મોંઘી મ્સ્ઉ કાર હોય જેની કિંમત ૫૦ લાખ છે. હું આટલી મોટી રકમ ગોઠવવામાં અસમર્થ હતો તેથી મેં મારી સખત મહેનત કરી – મ્સ્ઉ કારના જથ્થામાં પાઈ ઉમેરી. તે કાર શોરૂમના માલિકના હૃદયને અસર કરી. તેને દયા આવી, આ ચીની વ્યક્તિની વાત સાંભળીને તે ઓગળી ગયો. આખરે શોરૂમના માલિકે ચીની વ્યક્તિને મ્સ્ઉ કાર આપવાની તૈયારી બતાવી. તેણે તરત જ બેંકના કર્મચારીઓમાંથી કેટલાક લોકોને સિક્કા ગણવા બોલાવ્યા. ચિલર્સની ગણતરીમાં, બેંકના ૧૧ કર્મચારીઓની મદદ લેવામાં આવી હતી, જેમણે દસ કલાકની મહેનતથી સિક્કા ગણતરી મશીનની મદદથી આ સિક્કાઓની ગણતરી કરી હતી. ૯૦૦ કિલો વજનવાળા આ સિક્કા ૧.૫ લાખ હતા. આખરે કાર રૂમના આખા સ્ટાફે, આ ચીની વ્યક્તિની દ્રૈજિતાને માન આપતા, તેના સ્વપ્નની ચાવી એટલે કે બીએમડબ્લ્યુની ચાવી એક ગર્જનાત્મક વધામણીને આપી. તેણે ચાવી લીધી અને શરૂ કરીને ચાલ્યો ગયો.

લો હવે પરચૂરણની અપાર શકિત વિશે કંઇ કહેવા જેવું ખરૂં ?ભરત વૈષ્ણવ

## ભાવનગરની કલાપથ સંસ્થાનાં સંચાલક કુશલ દીક્ષિતની સંગીત નાટક અકાદમી ન્યુ દિલ્હી દ્વારા ઉસ્તાદ બીસ્મિલ્લાખાં યુવા પુરસ્કાર નેશનલ એવોર્ડ માટે પસંદગી



ભાવેણાની લોકપ્રિય કલાસંસ્થા "કલાપથનાં સંચાલક કુશલ દીક્ષિતની સંગીત નાટક અકાદમી (ન્યુ દિલ્હી) દ્વારા સને ૨૦૨૩ના વર્ષ માટે લોકનૃત્ય માટેનાં "ઉસ્તાદ બિસ્મિલ્લાખાં યુવા પુરસ્કાર" નેશનલ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે જે ભાવનગર માટે ગૌરવપ્રદ બાબત છે. કુશલ દીક્ષિત દ્વારા ૨૦૦૪માં કાર્યરત થયેલી કલાપથ સંસ્થાને ભારત સરકાર દ્વારા જાન્યુઆરી ૨૦૨૩માં તેમના નેજા હેઠળ "આફ્રિકામાં ગુજરાતનાં ગરબા અને લોકનૃત્યના પ્રસાર-પ્રચાર કરવા માટે મોકલવામાં આવેલ તેમજ તાજેતરમાં સાઉદી અરેબિયા ખાતે ઈન્ટર નેશનલ ફોક ડાન્સ ફેસ્ટિવલ-૨૦૨૪માં સમગ્ર ભારતમાંથી કુશલ દીક્ષિતનાં નેજા નીચે કલાપથ સંસ્થાને મોકલવામાં આવી હતી અત્રે એ ઉલ્લેખનિય છે કે ગુજરાત રાજ્યના સૌથી મોટા મેગા "શો" વાઈબ્રન્ટ નવરાત્રિ, ૨૬ જાન્યુઆરી,૧૫ ઓગસ્ટ, ગુજરાત સ્થાપના દિન, વસંતોત્સવ,આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ, રણોત્સવ વેગેરે જેવા સેંકડો કાર્યક્રમો કુશલ દીક્ષિત કરી ચૂક્યા છે આ ઉપરાંત જી-૨૦ સમિટ અને ભારતના તમામ પ્રદેશોમાં પોતાની આગવી કલા અને શૈલીના ઓજસ પાથરીને ભાવનગર, ગુજરાત અને ભારતનું નામ રોશન કર્યું હોય આ એવોર્ડ મળવાને પાત્ર હોય તે બદલ ખુબ ખુબ અભિનંદન

# કાકોશી પોલીસ સ્ટેશનના વાઘણા ગામેથી દેશી દારૂ તથા વોશનો ગણાનાપત્રપ્રોહી કેશ શોધી કાઢતી એલ.સી.બી. પાટણ



આઇ.જી.પી જે.આર.મોથલીયા સાહેબ સરહદી રેન્જ કચ્છ ભુજ તથા પોલીસ અધિક્ષક શ્રી ડો.રવિન્દ્ર પટેલ (ૅજી) સાહેબ પાટણનાઓએ પાટણ જીલ્લામાંથી પ્રોહી જુગાર લગત ગે.કા પ્રવુતિ દૂર કરવા સૂચન કરેલ હોય જે અનુસંધાને વી. આર. ચૌધરી ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.સ્ટાફના માણસો કાકોશી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા.દરમ્યાન ફરતા ફરતા વાધણા ગામે આવતાં ખાનગી રાહે હકિકત મળેલ કે ઠાકોર સંજયજી જખાજી રહે. વાધાણા તા.સિધ્ધપુર જી.પાટણવાળો ગુંક નામથી ઓળખતા આંટાંમાં પોતાના ખેતરમાં તથા નદીના પટમાં ગે.કા.વગર પાસ પરમીટે દેશીદારૂ ગાળી વેચાણ કરે છે. જે હકીકતઆધારે પંચોના માણસો સાથે હકીકતવાળી જગ્યાએ રેડ કરતા સદરી ઠાકોર સંજયજી જખાજી ખુમાજી ઉ.વ.૨૫ રહે. વાધાણા તા.સિધ્ધપુર જી પાટણવાળાને તેનાખેતરમાં નદીના પટમાં બાવળોની ઝાડીઓમાં દેશી દારૂ ગાળવાના વોશના ભરેલ સિટેક્ષ નંગ-૦૯ વોશ લીટર-૪૫૦૦ કિ.રૂ. ૯૦૦૦/- તેમજ દેશી દારૂ ભરેલ કેરબા નંગ-૧૬ દેશી દારૂ લીટર-૪૮૦ કિ.રૂ.૯૬૦૦/- તેમજ દેર્શી દારૂ ગાળાવાના બેરલ નંગ-૨ કિ.રૂ.૧૦૦/- તથા દેશી દારૂ ગાળવાની પાઈપ નંગ-૨ કિ.રૂ.૨૦ કુલ મુદ્દામાલ કિ.રૂ-૧૮૭૨૦ સાથે પ્રોહી રેઈડ દરમ્યાન પકડી પાડી કાકોશી પો.સ્ટે. ખાતે ગુનોરજી. કરાવવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીઓની વિગતઃ

(૧) ઠાકોર સંજયજી જખાજી ખુમાજી રહે. વાધાણા તા.સિધ્ધપુર

પકડવાના બાકી આરોપીઓની વિગતઃ-

(૧) વિકાસ ગોપાળભાઇ સિંધી રહે ગંજ બજાર સિધ્ધપુર જી. પાટણ

કબ્જે કરેલ પ્રોહી મુદામાલની વિગતઃ-

(૧)દેશી દારૂ ગાળવાના વોશના ભરેલ સિટેક્ષ નંગ-૦૯ વોશ લીટર-૪૫૦૦ કિ.રૂ. ૯૦૦૦/- (

૨) દેશી દારૂ ભરેલ કેરબા નંગ-૧૬ દેશી દારૂ લીટર-૪૮૦ કિ.રૂ.૯૬૦૦/-

(૩)દેશી દારૂ ગાળાવાના બેરલ નંગ-૨ કિ.રૂ.૧૦૦/-

(૪)દેશી દારૂ ગાળવાની પાઈપ નંગ-૨ કિ.રૂ.૨૦ કુલ મુદ્દામાલ કિ.રૂ-૧૮૭૨૦(૧) આ.પો.કોન્સ. વિક્રમભાઈ અમરતભાઈ








ડિસેંબર ૧૧, ના રોજ અમારે રેડ રિવર ક્રુઝ લેવા જવાનું હતું. હનોઈની હોટેલ સન વે થ હાલોન્ગ બે તરફ જવાનો રસ્તો ખૂબ રળિયામણો હતો.સુંદર ખેતરો રાઈસ ફિલ્ડ અને કુદરતી સૌંદર્ય થી ભરપૂર આ રસ્તો અઢી કલાકનો હોવા છતાં અમને નાનો લાગ્યો. વિયેટનામીઝના જીવન વિષે ઘણું બધું જાણવા મળ્યું. તમને મોટા મોટા સુવરને બાઈસીકલ પર બેસાડીને માર્કેટ તરફ લઈ જતાં જોવા મળે છે. ખેતરમાં મોટા મોટા બળદથી ખેતી કરતાં જોવા મળે છે.

છેવટે અમે હાલોન્ગ પહોંચ્યા. ત્યાં એક બોટ અમારી રાહ જોઈને ઊભેલી હતી.બોટ અમને ક્રુઝની બોટ સુધી લઈ ગઈ. ક્રુઝનાં બોટના સભ્યોએ મારું ખૂબ હદયપૂર્વક સ્વાગત કર્યું. બોટ શાંત પાણીમાં ધીરે ધીરે ચાલવા લાગી. લગભગ એકાદ કલાકનાં સેઈલિંગ પછી બોટ એક સુંદર જગ્યાએ રોકાઈ ગઈ. લંચનો સમય હતો, એટલે સામાન અમાર્રી કેબિનમાં મૂકી લંચ માટે ગયાં. આમ તો વિયેટનામીઝ ફૂડ હતો, પણ એમાં વેજિટેબલ્સ પણ મેનુ પણ હતું. લંચ કરી અમે એક કલાક જેવો આરામ કર્યો. લગભગ ચાર વાગે અમને એક નાની બોટ આસપાસની કેવ જોવા લઈ ગઈ. એક નાનકડાં ફ્લોટિંગ આઈલેન્ડ પર અમને ઉતાર્યા.

ત્યાંથી દરેકે પોતાની બોટમાં જવાનું હતું. અમે અમારો સેઈલર પસંદ કર્યો. કારણકે અમારે હલેસા મારવા ના હતા. સેઈલર અમને ઘણી ગુફાઓ પાસે લઈ ગયો. ત્યાં ફ્રેન્ચ કોલોનીના ઘણાં નાનાં નાનાં હાઉસ બનેલાં જોવા મળ્યાં. કુદરતી સૌંદર્ય અપરંપાર હતું. ઊંચા ઊંચા ડુંગરમાંથી, લીલાછમ પાણીમાંથી બોટ પસાર થાય ત્યારે કુદરતની મહાનતાની ખબર પડે છે. જેને આ ધરતી પર થોકબંધ સૌંદર્ય વિખેરી દીધું છે, એ કેટલો સુંદર હશે!

સાંજનાં અમને વિયેટનામીઝ ફૂડ બનવાવાનાં કલાસ આપ્યાં , જેમાં અમે સ્પ્રિંગ રોલ બનાવતાં શીખ્યાં. થોડા ડાન્સ અને મ્યુઝિક પછી અમે ડિનર માટે રેડી હતાં. રાતે મુવી નાઈટ હતી. પણ અમને વિયેટનામીઝ મુવીમાં રસ નહોતો એટલે સુવાં જતાં રહ્યાં. સવારે વહેલાં યોગાનાં કલાસ કરાવ્યાં. ક્રુઝના સભ્યો ખૂબ સારાં હતાં. ખૂબ સરસ સર્વિસ આપી રહ્યાં હતાં. સવારે ફરી હાલોન્ગ બેથી શટલ બસ અમને સન વે હોટેલ પર લઈ ગઈ ત્યાંથી અમારો ડ્રાઈવર અમને એરપોર્ટ લઈ ગયો. રાતે આઠ વાગ્યાંની ફલાઈટ હતી, ખૂબ સુંદર સ્મરણો લઈને અમે રાતે બાર વાગે ભારત પહોંચ્યાં.વિયેટનામની એક યાદગાર મુસાફરી રહી.

સપના વિજાપુરા

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No:227**
વિષય: પાનખર
શીર્ષક: જિંદગી ની પાનખર
પ્રકાર: પદ્ય
શબ્દ સંખ્યા:૧૦૯
"જિંદગીની પાનખર"
બેઠી હતી તરુની છાયમાંને અચાનક,
પડ્યું પાંદડું બોલ્યું,
તુજ સમુ હું પણ કરતું વાત મારા સમુહમાં.
કહું વ્યથા મુજની, આવી વૃદ્ધાવસ્થા.
પાનને કરમાં ધરી બોલી હું પણ સખા,
તુજ વ્યથા મુજમાં પણ સમાણી,
આવશે કાલે ખરવાની વેળા.
તો કેમ જિંદગી ના જીવું આજ આનંદમાં?
'પાનખર' તો આવે ડગલેને પગલે જીવનમાં,
ને વળી, પાનખર જ લાવે કુમળી આશા.
ઉં..આ ઉં..આ કરતી પાનખર બાલ્યાવસ્થા,
કરાવે જીદ પૂરી રડવામાં.
તરુણાવસ્થાની પાનખર જો આવે પરીક્ષામાં,
તો એ જ પાર કરાવે શિખર સફળતાના.
પર્ણ વિનાનુ ઝાડ જ થાય
કાલ વનરાજી ઘટામાં .
મુજ જીવન માં પાનખર, લાવે સમય સૂચકતા.
પાનખરથી ખવાયેલ કાષ્ઠ બને
શૈશવનું ધોડિયુને,જીંદગી શિખવે જીવતા.
તો વળી એજ બને,
મૃતકની શૈયા ને બળે આગમાં.
પાનખર શિખવે જીંદગી જીવતા,
સુકાઈને ખરી પડવું જમીનમાં?કે,
ખાતર બની ફરી ઉગવું ઝાડમાં.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No :-226**
વિષય:- પાનખર
રચના:- પદ્ય
શીર્ષક : પાનખર પ્રણયની

?પાનખરમાં પાછું આ ગુલશન ખીલવવું રહ્યું .
ના મળે ગુલની મહેક કાંટા ચુભન ખમવું રહ્યું.
બે દિવસ પણ વાય ના પ્રિતિના વાયરા વધુ.
વસંત પલભર રહી પાનખરનું આગમન થયું.

હેતના સિંચનથી ધરાઈ રહેવું તો અધુરૂં રહ્યું.
આંખનાં પલકારામાં ઉજડતું ખુદ નજરે જોયું.

હા ખીલવીશું આપણે પ્રેણયને વસંતમાં કહ્યું.
પાનખર આવી ને પ્રણયનું બાષ્પિભવન થયું.

ઝાંઝવાના નીર સમ પ્રણય ઋતુનું મળવું થયું.
ઋતુની આવન જાવન સમ જીવન ઉજડતું ગયું.

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ'.અમેરિકા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***N. O. G. S. S, No. 0102*.**
★વિષય:- પાનખર★.
★શીર્ષક:- પાનખરના પર્ણો.★
★પ્રકાર:- કવિતા★,
★શબ્દ સંખ્યા:-૮૮★.
★લેખક :-રતીલાલ વાયડા★
★રચના★-
આવી ઋતુ વૃક્ષ છોડવાની ,પાનખરની,
અમે પાન હતા વૃક્ષોની શોભા,
ડાળે ડાળે વળગ્યા લીલાછમ,
ફૂલ ફળોથી લચેલા. સ્વાદ સુગંધથી ભરપૂર,
પાનખર આવતા અમે છોડ્યો સાથ વૃક્ષનો,
પડ્યા જમીને કૂટાતા પિટાતા થયા નકામા,
કોઈ કચરે કોઈ કાઢે સફાઈમાં કોઈ વળી જલાવે,
કોઈ કરે ઔષધી કોઈ કરે સુંદર રાચ રચીલું.
હે માનવ તું પણ ગૌરવ ન કર,
તારી પણ પાનખર આવશે અમારા જેવી,
યુવાની, ધન , મોહ માયા , મૂકી જવું પડશે તારે,
રડશે સગા સંબંધીઓ થોડા દિવસ વિયોગમાં.
પાનખર એ તો કુદરતનો ક્રમ છે,
દિલથી સ્વીકાર અફસોસ નકર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 00 51**
વિષય: "પાનખર "
શીર્ષક: "પાન ખરવાના જ..!"
પ્રકાર: પદ્ય

ખર'તા પાનને કોણ,
કહે છે.. કે તું ખર,
આવી છે ઋતુ પાનખરની..પાન ખરવાના જ..!

પીળાં પાંદડાની ઝાંઝમ,
પગકેડીએ વેર- વિખેર ,
આવી છે વસંતની હેલી...પાન ખરવાના જ...!
પાનનું પાંગરવું કે ખરવું,
જીવ સૃષ્ટિ સર્જન,
આવી છે શરદ ઋતુરાજ...પાન ખરવાના જ..!

નામ: ઉર્વશી મહેતા ...અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 210**
પ્રકાર:- પદ્ય શબ્દો:૭૭
વિષય: પાનખર....શીર્ષક: પાનખર
નામ: બ્રિજલ કે. દેસાઈ (સાલેજ, ગણદેવી)
રચના
====================
વિચારતું હતું તરુવર,
કેવા હતા સુંદર દિવસ!
લીલુંછમ હતું હું,
હતું મારું અનેરું ઓજસ.

પંખીઓનો કલરવ હતો,
ખિસકોલીઓ સંગ હતી રમત.
લીલાં પર્ણો સાથે ગોષ્ઠિ હતી,
હતી આખો દિવસ ગમ્મત.

વસંત મારી મેં માણી લીધી,
પાનખરને પણ મેં આવકારી છે.
એકલા તૂટેલા પર્ણ સંગ,
ભૂતકાળની યાદો વાગોળી છે.

વસંત અને પાનખર એ તો જીવનનું અંગ,
આરંભ જ્યાં હોય ત્યાં હોય અંત,
અંત જ્યાં હોય ત્યાં ફરી હોય આરંભ.
આજે ભલેને હોય પાનખર,
કાલે હશે ફરી મહેકતી વસંત.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.173.**
વિષય - પાનખર...શીર્ષક " પાનખર"
પ્રકાર - પદ્ય......શબ્દ -૮૧.
નામ- ડૉ. દક્ષા જોશી 'નિર્ઝરા'.
તમે છો તો આ સૃષ્ટિનો નજારો શાનદાર લાગે છે,
તમે નથી તો આ સૃષ્ટિનો નજારો કૃત્રિમ નજર આવે છે
તમે છો તો આ દુનિયા દિવાની લગાતાર લાગે છે,
તમે નથી તો આ દુનિયા દુ:ખની વણજાર નજર આવે છે.
તમે છો તો મને ખૂબસૂરતીની બોછાર નજર આવે છે,
તમે નથી તો આ બધી મુરઝાયેલી મુરત નજર આવે છે.
તમે છો તો ફૂલ-ગજરા ને વેણીઓનાં વિચાર આવે છે,
તમે નથી તો આ મદમસ્ત વસંત
પાનખર નજર આવે છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO :153**
વિષય:- "પાનખર"
શિર્ષક :- "વસંત થી પાનખરથી વસંત "
પ્રકાર :- ગદ્ય. શબ્દો :- ૨૩૬
નામ:-જિતેન્દ્ર શાહ,અમદાવાદ.
જિંદગી માં વસંત પણ જોઈ છે,ને પાનખર પણ જોઈ છે,ને પાછી ફરી વસંત જોઈ છે.
માતા નો પાલવ અને પિતા નો હાથ પકડી ને ચાલતાં શીખ્યાં તે મારે મન વસંત હતી,
પિતા એ અને દાદા એ શિક્ષણ નાં પગથિયાં ચડાવ્યાં તે પણ મારી વસંત હતી,
સોળે શાન આવે તે પહેલાં પિતા એ આ દુનીયા માંથી ભાન ગુમાવ્યું ને મારી પાનખર ની શરુઆત થઈ.અભણ માતા એ શિવણ અને ઓટણ કરી અમને ત્રણ ભાઈ-બહેનો ને ભણાવ્યાં ને પાનખર માં પણ બે-ચાર લીલાં પાન અમને દેખાયાં. અઢાર વર્ષે પિતા નાં અવસાન ને કારણે મને બેન્ક માં જોબ મળી ગઈ ને મારાં જીવન માં ધીરે ધીરે વસંત ખીલતી ગઈ. લીલાં પાન જેવી મારી પ્રેમાળ પત્ની મારાં જિંદગી નાં વૃક્ષ ને નવપલ્લવિત કરવાં જોબ કરી ને ઓફિસ અને ઘર બે'ય સંભાળવાં માંડ્યાં.સાંજ પડે લીલું પાન થોડું પીળું થવાં માંડ્યું.વર્ષ પછી રાતા ગાલ જેવી પૂત્રી અને બીજાં બે વર્ષ પછી પૂત્ર પામતાં અમે ગીત ગાવાં માડ્યાં, "પાંદડુ લીલું ને રંગ રાતો".
પૂત્રી-પૂત્ર બંન્ને ને પરણાવ્યાં પછી અને બંન્ને નાં ઘરે બે બે દિકરાં આવ્યાં પછી અમે ફરી થી એ જ ગીત ગાવાં માંડ્યાં, "પાંદડું લીલું ને રંગ રાતો". અમે અમારાં પૌત્રો ને એ જ સમજાવ્યું કે વસંત પછી પાનખર,અને પાછી વસંત આવે જ છે,તેથી નાસીપાસ થયાં વગર પ્રભું જે પરિસ્થિતી માં રાખે તે રીતે જીવતાં શીખો.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 215**
વિષય : " પાનખર "
શીર્ષક : " પાનખર આવે છે "
પ્રકાર : પદ્ય, શબ્દો : ૫૩ .
નામ : શ્યામ ગોયાણી ( શિવેન્દ્રનગર )

" પાનખર આવે છે "

સૂકા વસ્ત્રો ઉતારવાં, પાનખર આવે છે,
નવા શણગાર કરવા, પાનખર આવે છે.

ઋતુઓ બદલાતાં, બદલાવ આવે છે,
જીવનમાં નિખરવા, પાનખર આવે છે.

લીલી સૂકી જીવનમાં આવતી રહેવાની,
જિંદગીમાં ઉભરવાં, પાનખર આવે છે.

દુ:ખો ભૂલી, વર્તમાનમાં જીવતાં શીખો,
અવનવાં રંગો ધરવા, પાનખર આવે છે.

વસંત માણવા 'શ્યામ' કલેવર બદલે છે,
ફરી ફરીને અવતરવા, પાનખર આવે છે.

" શ્યામ ગોયાણી "( શિવેન્દ્રનગર )

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 0037**
વિષય - પાનખર.ગામ - જૂનાગઢ
વિભાગ - પદ્ય. શીર્ષક - ખરતું પાન

એક પાન ખર્યું ને કહી ગયું,
એ સાનમાં સમજાવી ગયું,
સમયની ગોદમાં પ્રલય નવસર્જન થાય....!

પ્રકૃતિ જીવસૃષ્ટિના પ્રાણ,
ઈશની જીવને ભેટ અનમોલ,
ધરાનો સુંદર શૃંગાર પ્રકૃતિ.....!

કેટલાં આવ્યાં કેટલાં ગયાં.
કોઈ ફોગટનો ફેરા કરી ગયું.
કોઈ જન્મોનું ભાથું બાંધી ગયું...!

ફૂલે ફાલે વસંતમાં ગુલમહોર,
યોવન જાણે હિલોળે ચડ્યું.
આવે એક દિન નક્કી પાનખર....!

ઉડતું પંખી કંઈ કહી ગયું.
ખીલતું ફૂલ મહેકાવી ગયું.
સંધ્યા સંદેશો આપી ગઈ....!

સમજો તો જિંદગી સુખનો સાગર ના સમજો તો દુઃખનો મહાસાગર.
પાન ખરતાં ખરતાં રડી પડ્યું.....!

એક વાત સાનમા સમજાવી ગયું.
સમયની
આભાર - નિહારીકા રવિયા ગોદમાં નવસર્જન થાય.
ખરતું પાન અનુભવનું જ્ઞાન આપી ગયું....
હેમલતા દિવેચા " હેમ " જૂનાગઢ.

# એમસીએક્સ પર સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહઃ સોનું રૂ.૯૯ નરમ, ચાંદી રૂ.૩૦૬ તેજ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે આ લખાઈ રહ્યું છે ત્યારે રૂ.૨૭,૬૫૦.૮૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૪,૭૧૪.૦૨ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૨૯૩૧.૮૨ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૨,૨૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૩૫૫ અને નીચામાં રૂ.૬૨,૧૫૦ ના મથાળે અથડાઈ, રૂ.૯૯ ઘટી રૂ.૬૨,૧૫૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૫ ઘટી રૂ.૪૯,૯૬૨ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૬ વધી રૂ.૬,૧૩૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯ વધી રૂ.૬૧,૮૨૧ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૬૯,૦૪૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૯,૪૩૮ અને નીચામાં રૂ.૬૮,૯૪૫ ના મથાળે અથડાઈ, રૂ.૩૦૬ વધી રૂ.૬૯,૦૦૯ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૪૪ વધી રૂ.૬૯,૨૧૦ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૭ ઘટી રૂ.૬૯,૦૮૧ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ તાંબુ ફેબ્રુઆરી વાયદો રૂ.૭૩૨.૮૦ના ભાવે ખૂલી, રૂ.૪.૫૦ વધી રૂ.૭૩૦.૧૦ જ્યારે એલ્યુમિનિયમ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨.૯૫ ઘટી રૂ.૧૯૬.૯૦ તેમ જ સીસું માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૦ ઘટી રૂ.૧૭૮ના ભાવ થયા હતા. જસત ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૩ વધી રૂ.૨૧૬ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની માર્ચ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૭૦ વધી રૂ.૧૯૯.૭૦ સીસુ-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૦ ઘટી રૂ.૧૭૬.૮૦ જસત-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૭૫ વધી રૂ.૨૧૬.૯૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ ક્રૂડ તેલ માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૪૯૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૫૨૭ અને નીચામાં રૂ.૬,૪૭૧ ના મથાળે અથડાઈ, રૂ.૪ વધી રૂ.૬,૫૨૪ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૫ વધી રૂ.૬,૫૨૯ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૫૬ના ભાવે ખૂલી, રૂ.૦.૮૦ વધી રૂ.૧૫૭.૫૦ અને નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો ૦.૯ વધી ૧૫૭.૭ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ કપાસ એપ્રિલ રૂ.૧,૫૯૨ રૂ.૬૧ વધી કોટન ખાંડી માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૨,૪૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૬૦૦ અને નીચામાં રૂ.૬૨,૦૦૦ ના મથાળે અથડાઈ, રૂ.૪૮૦ ઘટી રૂ.૬૨,૩૪૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૭૦ વધી રૂ.૯૧૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૨૧૨.૮૧ કરોડનાં અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૯૪૨.૧૭ કરોડનાં વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૩૪૯.૬૪ કરોડનાં ૧૧,૯૯૯ લોટ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૬૧૭.૫૮ કરોડનાં ૪૩,૦૮૧ લોટ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૮૦.૦૮ કરોડનાં ૧,૪૫૭ લોટ સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૪.૧૯ કરોડનાં ૫૧૮ લોટ તાંબાના વાયદાઓમાં રૂ.૧૭૪.૩૧ કરોડનાં ૯૫૮ લોટ અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨૫૭.૫૯ કરોડનાં ૪,૬૨૩ લોટના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૩૯.૭૫ કરોડનાં ૧૨૯ લોટ મેન્થા તેલ વાયદામાં રૂ.૬.૫૪ કરોડનાં ૧૯૮ લોટનાં કામકાજ થયાં હતાં.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૫.૦૨ કરોડનાં ૬૩ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૩૩૩ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ માર્ચ વાયદો ૧૫,૯૩૧ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૯૫૦ અને નીચામાં ૧૫,૯૦૩ બોલાઈ, ૪૭ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૦ પોઈન્ટ ઘટી ૧૫,૯૧૨ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૨૨૯૩૧.૮૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ માર્ચ રૂ.૬,૫૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૭૪.૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૮૩ અને નીચામાં રૂ.૧૫૫.૨૦ ના મથાળે અથડાઈ, રૂ.૩.૭૦ વધી રૂ.૧૮૨.૭૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૧૬૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૯.૯૦ અને નીચામાં રૂ.૮.૦૫ રહી, અંતે રૂ.૦.૩૫ વધી રૂ.૯.૨૫ થયો હતો.

સોનું માર્ચ રૂ.૬૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૨૫.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૪૦ અને નીચામાં રૂ.૨૭૬.૫૦ ના મથાળે અથડાઈ, રૂ.૩૨ ઘટી રૂ.૨૮૧ થયો હતો, જ્યારે સોનું-મિની માર્ચ રૂ.૬૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૮૯ ખૂલી, ઊપરમાં રૂ.૭૪૪ અને નીચામાં રૂ.૬૪૦ રહી, અંતે રૂ.૩૫.૫૦ ઘટી રૂ.૬૪૮ થયો હતો.

ચાંદી એપ્રિલ રૂ.૭૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૬૮૧.૦૦ના ભાવે ખૂલી, રૂ.૬.૫૦ વધી રૂ.૧,૬૫૧.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૭૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૭૫૬.૦૦ના ભાવે ખૂલી, રૂ.૧૩ વધી રૂ.૧,૭૧૯ થયો હતો. તાંબુ માર્ચ રૂ.૭૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૦૨ વધી રૂ.૨.૧૨ જસત માર્ચ રૂ.૨૧૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૯ વધી રૂ.૩.૨૧ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ માર્ચ રૂ.૬,૫૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૭૦.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૮૬.૫૦ અને નીચામાં રૂ.૧૫૮.૧૦ ના મથાળે અથડાઈ, રૂ.૧.૩૦ ઘટી રૂ.૧૬૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૧૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭.૮૦ ખૂલી, ઉપરમાં રૂ.૮.૨૫ અને નીચામાં રૂ.૬.૯૦ રહી, અંતે રૂ.૦.૨૦ ઘટી રૂ.૭.૨૫ થયો હતો.

સોનું માર્ચ રૂ.૬૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૩૯.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૦૦ અને નીચામાં રૂ.૪૦૫ ના મથાળે અથડાઈ, રૂ.૬૪.૫૦ વધી રૂ.૫૦૦ થયો હતો, જ્યારે સોનું-મિની માર્ચ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૩.૫૦ અને નીચામાં રૂ.૫૪ રહી, અંતે રૂ.૧૨ વધી રૂ.૬૭ થયો હતો.

ચાંદી એપ્રિલ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૩૪૦.૦૦ના ભાવે ખૂલી, રૂ.૫૫.૫૦ વધી રૂ.૧,૪૦૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૧૯૦.૦૦ના ભાવે
આભાર - નિહારીકા રવિયા ખૂલી, રૂ.૫૩.૫૦ વધી રૂ.૧,૩૨૧.૫૦ થયો હતો. તાંબુ માર્ચ રૂ.૭૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૦.૬૨ વધી રૂ.૨૫ થયો હતો.

# અમે આમ આદમી પાર્ટીનાં વફાદાર સૈનિક છીએ : સુનિલ ગામિત,ડાંગ વિધાનસભામાં ઊમેદવાર



આહવા,

ડાંગ જિલ્લા માં ગત વિધાનસભાની ચુંટણીમાં આમ આદમી પાર્ટીનાં ઊમેદવાર તરીકે ચુંટણી લડનારા સુનિલ ગામિત ભાજપ માં જોડાઈ રહયાંનાં કેટલાક ચેનલોએ અહેવાલ પ્રસિધ્ધ કર્યા હતું સુનિલ ગામિત આમ આદમી પાર્ટીમાં છે પોતે ખુલાસો કર્યો હતો

ગતણરીઓનાં દિવસોમાં સમગ્ર દેશમાં લોકસભાની ચુંટણીનાં યોજાનાર છે ત્યારે ભાજપ પાર્ટીએ સમગ્ર દેશમાં તોડજોડની રાજનીતી કરી કેટલાક કોગ્રેસ-ભાજપ નાં નેતાઓ સાથે સમર્થકોને ભાજપ સાથે જોડી રહયાં છે ગતરોજ ગુજરાતની એક નાંમાકિત ન્યુઝ ચેનલ દ્રારા આદિવાસી વિસ્તારનાં કોગ્રેસ-આપનાં કેટલાક મોટા નેતાઓ તથા તેમની સાથે હજારોની સંખ્યામાં સમર્થકો ભાજપનો ભગવો ધારણ કરશે તેવું જણાવ્યું હતું ડાંગ જિલ્લામાં માં ગત વિધાનસભાની ચુંટણીમાં આમ આદમી પાર્ટીનાં સુનિલભાઈ ગામિત પણ ભાજપમાં જોડાઈ રહયાં હોવાની વહેતી થયેલ વાતોથી આમ આદમી પાર્ટી નાં નેતાઓ તથા કાર્યકર્તામાં હંડકમપ મચી ગયો હતો સાથે ડાંગનાં આમ આદમી પાર્ટીનાં નેતાઓ અને કાર્યકરો તથા તેમનાં સમર્થકોમાં નારાજગી ફેલાઈ હતી

ડાંગ જિલ્લામાં ગત વિધાનસભામાં આમ આદમી પાર્ટીનાં ઊમેદવાર સુનિલ ગામિતે ખુલાસો કરી જણાવ્યું હતું સમગ્ર દેશમાં ઈન્ડીયા ગઠબંધનથી ભાજપનાં પગ નીચેથી માટી ખસી ગઈ છે લોકોમાં મારા જેવા આમ આદમી પાર્ટીનાં ઊમેદવાર રહી ચુંકેલાં ઊમેદવાર અને કાર્યરકોને બદનામ કરી લોકોમાં ધ્રુવીકરણ ફેલાવી ભાજપ મતની રાજનીતી રમી રહી છે અમારી અને ભાજપની વિચારધારામાં જમીન આસમાન નો ફરક છે અમે કયારે ભાજપમાં જોડાઈ શકીએ તેમ નથી અમે આમ આદમી પાર્ટીનાં ઈમાનદાર સૈનિક છે રહીશું જેની ખાતરી આપી હતી ડાંગ-વલસાડ માં કોગ્રેસનાં ઊમેદવાર અનંતભાઈ પટેલનું ચુંટણી પ્રચાર કરી તેમને મોટી લીડથી જીતાડીશું તથા ચૈતર વસાવાને જીતાડી આદિવાસીઓનો અવાજ સંસદ સુધી પહોચાડીશું છું જે ચેનલો કે અખબારમાં હું તથા મારા કાર્યકરો અને સમર્થકો ભાજપ સાથે જોડાઈ રહયાં તેવા અહેવાલ પ્રસિધ્ધ થયાં છે તે તમામ ખોટા છે.

### વલસાડ-ડાંગ લોકસભામાં ભાજપ મજબુત.

વલસાડ-ડાંગ લોકસભા સીટ એસ.ટી સીટ છે મોટા શહેરોનાં વિસ્તારોનમાં મતદારો ભાજપનો ભગવોથી રંગાયેલો છે ધરમપુર,વાસદા,વાપી,ઊમરગામ,પારડી,વલસાડ,ખેરગામ જેવા વિસ્તાર માંથી ભાજપનો કોઈપણ ઊમેદવાર લીડ સાથે જીતી જશે આ સીટ પર ભાજપને અન્ય પાર્ટીનાં નેતા અને જડતોડની રાજનીતિ નહી કરે તો પણ ચાલી જાય તેમ છે આ સીટ પર ભાજપ પક્ષની પકડ મજબુત છે હાલમાં વલસાડ-ડાંગ જિલ્લામાં ભાજપ મતદારોનાં ધર સુધી મોદીનાં વિકાસ કામોની વાત કરી રહયાં છે આદિવાસી સમાજ એક થઈને કોગ્રેસ કે આપનાં ઊમેદવારને ચુંટણીમાં મત આપે તો પણ ઊમેદવારનાં જીતવાનાં ફાફા છે.

# મેમનગર સ્થિત દિવ્યપથ શાળા માં ધોરણ ૧૨ના બાળકો દ્વારા પરીક્ષા નિમિતે ગાયત્રી પૂજન અને હવન




તા.૨૯-૨-૨૦૨૪ ગુરુવારે સવારે ૯-૦૦થી૧૨-૦૦ દરમ્યાન દિવ્ય પથ સ્કૂલ, મેમનગર,અમદાવાદ ખાતે ધો-૧૨ બોર્ડના ૨૨૬ વિદ્યાર્થીઓના વિદાય સમારંભની ઉજવણી ૫ કુંડી ગાયત્રી મહાયજ્ઞના માધ્યમથી તેઓને ઉજ્જવળ ભવિષ્ય, કારકિર્દી,નિરામય જીવન પ્રાપ્ત થાય તે હેતુથી શિક્ષક ગણના માર્ગદર્શન હેઠળ તેમજ ગાયત્રી પરિવાર નારણપુરા દ્વારા પ્રજ્ઞા પુત્ર શ્રી પ્રવીણભાઈ એમ. પટેલે સંગીત વૃંદ સાથે કલમ પૂજન સરસ્વતી પૂજન,ગણેશજી,ગુરુદેવ, ગાયત્રી મંત્ર, મહામૃત્યુંજયમંત્રના મંત્રોચ્ચાર સાથે કરાવ્યું હતું.વિશેષમાં જણાવાનું કે આવતીકાલે તા.૧માર્ચે સવારે ઉપરોક્ત સમય સ્થળે ધો.૧૦ ના ૨૮૦ વિધાર્થીઓ અને અન્ય ના હિતમાં કલમ પૂજન , સરસ્વતી પૂજન સાથે ૫ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

# લ્યુમિનસ પાવર ટેક્નોલોજીસે ઈન્ટરસોલર ઈન્ડિયા ૨૦૨૪ ખાતે નવીનતમ, ટકાઉ એનર્જી-સ્ટોરેજ સોલ્યુશન્સ પ્રદર્શિત કર્યા

૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૪, ગાંધીનગરઃ ભારતની અગ્રણી એનર્જી સોલ્યુશન્સ કંપની લ્યુમિનસ પાવર ટેક્નોલોજીસે ઈન્ટરસોલર ઈન્ડિયા એક્ઝિબિશન એન્ડ કોન્ફરન્સ ખાતે નવીનતમ એનર્જી-સ્ટોરેજ સોલ્યુશન્સ દર્શાવ્યા હતા. ભારતની બદલતી ઊર્જા જરૂરિયાતોને સંતોષવા માટે ગાંધીનગર ખાતે ત્રણ દિવસીય ઈન્ટરસોલર ઈન્ડિયા એક્ઝિબિશન ભારતના ઝડપથી વિકસતા સૌર ઊર્જા ઉદ્યોગ સાથે જોડાવા માટે એક નિર્ણાયક પ્લેટફોર્મ પૂરું પાડે છે. આ ઈવેન્ટ ફોટોવોલ્ટેનિક, પીવી પ્રોડક્શન અને સોલર થર્મલ ટેક્નોલોજીસ જેવા ક્ષેત્રો પર ધ્યાન આપશે.

લ્યુમિનસે વિવિધ શ્રેણીની સોલર પ્રોડક્ટ્સ અને સોલ્યુશન્સ તથા એન્ડ-ટુ-એન્ડ પ્રોજેક્ટ મેનેજમેન્ટ ક્ષમતાઓનું અદ્ભુત પ્રદર્શન કર્યું હતું. તે અસરકારક સોલ્યુશન્સ પૂરા પાડવાનું લક્ષ્ય ધરાવે છે જે રેસિડેન્શિયલ, કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રીયલ સેગમેન્ટ્સની અદ્વિતીય જરૂરિયાતોને સંતોષશે. આ ઈવેન્ટમાં ઓફ-ગ્રિડ સ્ટોરેજ-બેઝ્ડ અને ગ્રીડ-કનેક્ટેડ સોલર સોલ્યુશન્સમાં લ્યુમિનસની અદ્યતન નવીનતાઓ જોવા મળી હતી.

ઈન્ટરસોલર ઈન્ડિયા ખાતે ભાગ લેવા અંગે લ્યુમિનસ પાવર ટેક્નોલોજીસના એનર્જી સોલ્યુશન્સના બિઝનેસ હેડ અને સિનિયર વીપી અમિત શુક્લાએ જણાવ્યું હતું કે "ઈન્ટરસોલર એક્ઝિબિશન એ સૌર ઊર્જાનો લાભ લઈને તેની પ્રગતિ દર્શાવવા માટે દેશ માટે એક ઉત્કૃષ્ટ પ્લેટફોર્મ છે. તે વિચારોના આદાનપ્રદાન અને સહયોગ સાધવા માટેનું એક શ્રેષ્ઠ પ્લેટફોર્મ છે. લ્યુમિનસ તેના અનોખા તથા ભવિષ્યલક્ષી સોલ્યુશન્સ રજૂ કરી શકી છે કારણ કે અમે સૌર ઊર્જા બજારમાં તકોને જાણી છે તથા આરએન્ડડી તથા પ્રોડક્ટ ડેવલપમેન્ટમાં રોકાણ કર્યું છે. અમે અમારી સોલર પ્રોડક્ટ રેન્જ દર્શાવતા ખુશી અનુભવીએ છીએ જે ઘરો અને વ્યવસાયોને ઊર્જા પૂરી પાડવા માટે સ્માર્ટ એનર્જી સોલ્યુશન્સ અને નવીનતા માટે બ્રાન્ડની પ્રતિબદ્ધતા દર્શાવે છે."

સોલર ઈન્વર્ટર કેટેગરીની રેન્જમાં દર્શાવેલી પ્રોડક્ટ લાઈનમાં સોલરવર્ટર, સોલરવર્ટર પ્રો, સોલર એનએક્સઈ, એનએક્સજી, એનએક્સજી પ્રો અને જીટીઆઈ એનએક્સઆઈનો સમાવેશ થાય છે જે ઓફ-ગ્રિડ સ્ટોરેજ-બેઝ્ડ સોલ્યુશન્સ માટે ૫૦૦ ફછ થી ૧૦ દ્વફછ તથા ગ્રીડ-કનેક્ટેડ સોલ્યુશન માટે ૩દ્વઉથી ૧૧૦દ્વઉ રેન્જ ધરાવે છે. સોલર પેનલ અને સોલર બેટરી કેટેગરીઝ પ્રોડક્ટ્સમાં રજૂ થયેલી પ્રોડક્ટ્સ અનુક્રમે ૪૦ઉ થી ૫૫૦ઉ અને ૪૦છર થી ૨૦૦છર રેન્જની છે.સ્માર્ટ અને ઈનોવેટિવ એનર્જી સોલ્યુશન્સ પૂરા પાડવામાં ૩૫ વર્ષથી વધુનો વારસો ધરાવતી લ્યુમિનસે તેને ભારતમાં સૌથી વિશ્વસનીય તથા ભરોસાપાત્ર બ્રાન્ડ્સ પૈકીની એક બ્રાન્ડ તરીકે સફળતાપૂર્વક સ્થાપિત કરી છે. લ્યુમિનસ સોલર એનર્જી સોલ્યુશન્સ પૂરા પાડવામાં એક અગ્રણી બ્રાન્ડ્સ પૈકીની એક છે અને તેમની સોલર રૂફટોપ સોલ્યુશન્સ સફરના દરેક તબક્કા દ્વારા તેના ગ્રાહકોને પરિવર્તનકારી સોલ્યુશન્સ પૂરા પાડવાના તેના મિશનમાં આગળ વધે છે. તેના સમર્પિત આરએન્ડડી અને પ્રોડક્ટ ઈનોવેશનથી નવી પ્રોડક્ટ રેન્જ રજૂ થઈ છે જે સોલર એનર્જી સેક્ટરમાં વેલ્યુ એડિશન પૂરી પાડશે.

# પાટણની ખાલકશાપીર સોસાયટી ના રહીશોએ ચુંટણી બહિષ્કાર કરવાની ચિમકી ઉચ્ચારી.



પાટણ શહેરમાં આવેલી ખાલકશાપીર સોસાયટી ના તેમજ બીજી અન્ય સાત જેટલી સોસાયટી ના રહીશોએ ચુંટણી બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારતા બેનરો લગાવતા રાજકારણમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો હતો તેમજ લગાવેલા બેનરો માં જણાવ્યું હતું કે અગાઉની તેઓની પોતાની જૂની રજુઆત નહીં ઉકેલાય તો કોઈપણ પક્ષના પદાધિકારીઓએ ચૂંટણીમાં વોટ માટે આવવું નહીં જેમ જેમ લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે વિવિધ પક્ષના આગેવાનો દ્વારા પોતાની તરફેણમાં મતદાન થાય તેવા હેતુના પ્રયાસો કરવા માંડી રહ્યા છે ત્યારે આજરોજ પાટણ શહેરની અંદર આવેલ ખાલકશાપીર સોસાયટી ના રહીશો તેમજ બીજી અન્ય આવેલી સાત જેટલી સોસાયટીના રહીશો દ્વારા પોતાની જૂની રજૂઆત કરવામાં આવેલી હતી કે આ વિસ્તારને જોડતા રેલવે ફાટક પાસે અંડર પાસ બનાવવાની માંગ છેલ્લા ઘણા સમયથી કરવામાં આવી રહી છે તેમજ જે રજૂઆત ઉપર કોઈ પણ રાજકીય પદાધિકારીઓએ અથવા અધિકારીઓ દ્વારા કોઈપણ પ્રકારનો નિર્ણય આજે દિન સુધી લેવામાં આવતો નથી તેથી આજરોજ ખાલકશાપીર સોસાયટી સહિત અન્ય સાત જેટલી સોસાયટીના રહીશો દ્વારા પોતાની સોસાયટી આગળ કોઈપણ નેતાએ સોસાયટી ની અંદર મત માગવા માટે પ્રવેશ કરવો નહી જેવા બેનરો લગાવવામાં આવતા પાટણ રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો હતો.

**નિખિલ જોષી : પાટણ જીલ્લા બ્યુરોચીફ**

# મોડાસા એસટી ડેપો ખાતે પૂર્વ સંગઠન મંત્રી અતુલભાઈ દીક્ષિતની ઉપસ્થિતિમાં કર્મચારીઓનો નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો



ઘણા વર્ષોથી હિંમતનગર ડિવિઝનમાં ક્લાર્ક તરીકે સેવા આપતા આસ્માબેન પટ્ટીવાલા અને વોચમેન તરીકે સેવા આપતા દીપકસિહ ડોડીયાનો વય નિવૃત્તિ નો વિદાય સમારંભ મોડાસા એસટી ડેપો ખાતે ડેપો મેનેજર શ્રી ચેતનભાઈ પટેલના પ્રમુખ સ્થાને યોજવામાં આવ્યો આ સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ભારતીય જનતા પાર્ટીના પૂર્વ સંગઠન મંત્રી અને સ્કાઉટ ગાઈડના ચીફ કમિશનર અતુલભાઈ દીક્ષિતે જણાવ્યું હતું કે બંને કર્મચારીઓએ નિવૃત્તિ પછી સામાજિક અને સેવા કીય કાર્યોમાં કામ આપવા જોઈએ અને જયારે ભારત દેશ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સાનિધ્યમાં વિકાસની યાત્રા કરી રહ્યો છે ત્યારે આ વિકાસ યાત્રા માં આપણે સૌએ ભાગીદાર બની જોડાવું જોઈએ. મુસ્લિમ મહિલા બહેનોએ પણ દેશના વિકાસમાં ફાળો આપવા માટે અને મહિલાઓના ઉતકર્ષ માટે સતત પ્રયત્નો કરવા જોઈએ આસ્માબેન નિવૃત્તિ પછી રાજકીય અને સામાજિક કાર્યોમા આગળ વધી મહીલાઓના વિકાસ માટે પ્રયત્નો કરશે. શ્રી અતુલભાઈ દીક્ષિતે આસ્માબેન શાલ ઓઢાળી અને મોમેન્ટો આપી સન્માન કર્યું હતું. દિપક સિંહ ડોડીયા નુ પણ મોમેન્ટ આપી સન્માન કર્યું હતું. આ પ્રસંગે હિંમતનગર ડેપો મેનેજર શ્રી હર્ષદભાઈ

પટેલ ,જશુભાઈ ડોડીયા મહિલા બાળ કલ્યાણ વિકાસ જિલ્લા અધિકારી બહેન શ્રી, સામાજિક કાર્યકર બાબુભાઈ જાજ, મુસ્લિમ સમાજના અગ્રણી અબ્દુલ રહેમાન દાદુ, ઈકબાલભાઈ પટ્ટીવાલા તેમજ મુસ્લિમ સમાજની બહેનો અને એસટીના કર્મચારીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. શ્રી અતુલભાઈ દીક્ષિત સંગઠન મંત્રી હતા ત્યારે ભારતીય મજદૂર સંઘ નુ પણ વિશેષ રીતે કામ સંભાળતા હતા અને મદદરૂપ થતા હતા. ભારતીય મજદૂર સંઘના કાર્યકર્તાઓએ પણ અતુલભાઈ નુ પુષ્પહાર પહેરાવી સાલ ઓઢાડી સન્માન કર્યું હતું. અંતે આસ્મા બહેને ગળગળા થઈ પ્રવચન આપતા પોતાના નોકરી દરમિયાનના સંભારણા યાદ કર્યા હતા.

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનો કર્મયોગી હિતકારી નિર્ણય

મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય સરકારના કર્મચારીઓ કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થામાં ૪ ટકા વધારાનો લાભ ૧ જુલાઈ ૨૦૨૩થી આપવાની જાહેરાત કરી છે.આ મોંઘવારી ભથ્થાના વધારાનો લાભ રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા અન્ય એમ કુલ ૪.૪૫ લાખ કર્મયોગીઓ અને અંદાજે ૪.૬૩ લાખ જેટલા નિવૃત્ત કર્મચારીઓ એટલે કે પેન્શનર્સને મળવાપાત્ર થશે.મોંઘવારી ભથ્થાની ૮ માસની એટલે કે ૧ જુલાઈ ૨૦૨૩થી ફેબ્રુઆરી-૨૦૨૪ સુધીની તફાવતની રકમ ત્રણ હપ્તામાં પગાર સાથે ચૂકવવામાં આવશે.તદઅનુસાર, જુલાઈ-૨૦૨૩થી સપ્ટેમ્બર-૨૦૨૩ સુધીની તફાવત રકમ માર્ચ-૨૦૨૪ના પગાર સાથે, ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૩ની એરિયર્સની રકમ એપ્રિલ-૨૦૨૪ના પગાર સાથે તેમ જ જાન્યુઆરી અને ફેબ્રુઆરી-૨૦૨૪ના મોંઘવારી ભથ્થાની એરિયર્સની રકમ મે-૨૦૨૪ના પગાર સાથે કર્મયોગીઓને ચુકવાશે.મુખ્યમંત્રીશ્રીએ નવી વર્ધિત-પેન્શન યોજના એન.પી.એસ.માં કર્મચારી અને રાજ્ય સરકારના ફાળા અંગે પણ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્મચારીઓની માંગણીઓને પ્રતિસાદ આપતા કર્યો છે.તદઅનુસાર, હવે એન.પી.એસ. અન્વયે કર્મચારીએ ૧૦ ટકા ફાળો ભરવાનો રહેશે અને રાજ્ય સરકાર તેની સામે ૧૪ ટકા ફાળો આપશે.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ બે મહત્વપૂર્ણ નિર્ણયો ઉપરાંત કર્મચારીઓને એલ.ટી.સી. માટે ૧૦ પ્રાપ્ત રજાની રોકડ રૂપાંતરણ ચૂકવણી અગાઉ છઠ્ઠા પગાર પંચના પગાર ધોરણ અનુસાર થતી હતી, તે હવેથી સાતમા પગાર પંચના સુધારેલા પગાર મુજબ ચૂકવવાનો પણ અગત્યનો નિર્ણય જાહેર કર્યો છે.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના આ કર્મચારી હિતકારી નિર્ણયોના અમલ અંગે નાણાં વિભાગ દ્વારા જરૂરી આદેશો કરવા અંગેની પણ સૂચનાઓ આપવામાં આવી છે.

# પાટણ જિલ્લાના સમી ના સીમાડે પ્રાચીન મોમાઈ માતાજીના મંદિરે યજ્ઞની આહુતિઓ સાદર કરાઈ

પાટણ જિલ્લાના સમી ગામ ના સીમાડે ધરતી ઢંક થયેલ પ્રાચીન ગામ એટલે ધારાવાણા ...જે વર્ષો પહેલા આ ગામે રાજગોર બ્રાહ્મણો. નાડોદા. વઢેર .ડાભી .વાળંદ તેમજ આહિર સમાજના સમુદાય નો વસવાટ હતો .કાળક્રમે કુદરતી તેમજ માનવ સર્જીત આફતો ને કારણે સેંકડો વર્ષો પહેલા સ્થળાંતર થતાં અલગ અલગ ગામે વસવાટ થયો. અને અત્યારે હાલ શુભ પ્રસંગોએ સોનાર બાસ્પા વેડ. દાદર તડાવ .વૌવા. ગાડીવાડા .રાજકોટ .સણવા બહુચરાજી રાધનપુર .તેમજ કચ્છમાંથી પણ સ્થળાંતરિત થયેલ પરીવારો આવેછે ધારાવાણા ગામના ગોઢે ગ્રામ્ય દેવી મોમાઈ માતા ના પ્રાચીન સ્થાનકે યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું .એમાં યજ્ઞના મુખ્ય યજમાન ધારાવાણીયા રાજગોર પરિવારના પ્રફુલભાઈ રામશંકર રાજગોર તેમજ તેમના પત્ની મૌલિકાબેન યજમાન પદે રહ્યા હતા .તેમજ ધારાવાણીયા પરિવારના પુત્ર ધ્વનિત ની ચોલ્ય ક્રિયા પણ રાખવામાં આવેલ હતી. ગાંધીધામ પંચમુખી હનુમાન તેમજ જૂનામાંકા(હારીજ ) ની જગ્યાના મહંત પ્રકાશાનંદ.ગુજરાત પ્રદેશ ગૌસેવા પ્રશિક્ષણ સેલ ના અધ્યક્ષ લાભુ દાદા. વિશ્વ હિન્દુ પરિષદ



મહેસાણા વિભાગ ધર્મચાર્ય સંપર્ક પ્રમુખ નીતિનભાઈ વ્યાસ. સમી તાલુકા પંચાયત પ્રમુખ સંજયભાઈ દવે. વઢીયાર નિયડ બ્રહ્મ સમાજના પ્રમુખ જયેશભાઈ જોષી. અગ્રગણ્ય ઉદ્યોગપતિ વાસુદેવભાઈ તેમજ વસંતભાઈ .તેજાભાઈ વઢેર. કમાભાઈ સિંધવ .ની આ પ્રસંગે વિષેશ ઉપસ્થિતિ હતી .બહોળી સંખ્યામાં ગ્રામ્ય જનો .સગા સ્નેહીઓ. તેમજ માતાજી માં શ્રદ્ધા ધરાવનાર માઇ ભક્તોએ પણ ભોજન પ્રસાદ ગ્રહણ કર્યો હતો .અને યજ્ઞ ની આહુતિઓ આપી હતી. યજ્ઞના મુખ્ય આચાર્ય જગદીશભાઈ દવે રહ્યા હતા .

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.